**વહીવટી તંત્ર દ્વારા આગોતરા આયોજનના ભાગરૂપે સંકટ સમયે પહોંચી વળવા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઇ છે**

**ગોધરા, હાલોલ, સિંગવડ સહિતના અનેક ગામોમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હોવાના અહેવાલો પણ પ્રાપ્ત થયા**

# દાહોદ-પંચમહાલ પંથકમાં મેઘમહેર યથાવત

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદી માહોલ સક્રિય છે. 1 ઓગસ્ટના રોજ સવારે 6 વાગ્યાથી બપોરે 4 વાગ્યા સુધીમાં 234 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ મોરબીમાં 8 ઇંચથી વધુ વરસાદ ખાબક્યો છે. રાજ્યમાં પૂરની સ્થિતિમાં અત્યારસુધીમાં 27856 લોકોનું સુરક્ષિત સ્થળાંતર કરવામાં આવ્યું છે. શનિવારે(1 ઓગસ્ટ) અમદાવાદ સહિત 6 જિલ્લામાં રેડ એલર્ટ અને કચ્છ-ઉત્તર ગુજરાત સહિતના કુલ 13 જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે સમગ્ર દાહોદ અને પંચમહાલ જિલ્લામાં પણ ગઈકાલથી વરસાદી માહોલ જામ્યો છે વહેલી સવારથી મોડી રાત સુધી ક્યાંક ઓછો તો ક્યાંક ભારે વરસાદ ખાબક્યો હતો. તો અનેક ઠેકાણે નીચેણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની સમસ્યા સામે આવી હતી. નોકરીયાત વર્ગ અને વેપારી વર્ગને પણ ભારે કે અતિભારે વરસાદના લીધે પાણી ભરાવવાથી હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

## દાહોદ જિલ્લામાં મેઘમહેર યથાવત, આજે સરેરાશ ૧૧.૮૨ મી.મી. વરસાદ નોંધાયો



**દાહોદ :** દાહોદ જિલ્લામાં આજે તા. ૦૧ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સવારે ૬:૦૦ વાગ્યાથી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સરેરાશ ૧૧.૮૨ મી.મી. વરસાદ નોંધાયો છે. આજના વરસાદની તાલુકાવાર વિગતો મુજબ ગોવિંદ ગુરુ (લીમડી) તાલુકામાં સૌથી વધુ ૨૯ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે સંજેલી તાલુકામાં ૨૮ મી.મી., ઝાલોદમાં ૧૯મ.મિ.સુખસરમાં ૧૨ મી.મી., દાહોદમાં ૧૧ મી.મી., લીમખેડા અને દેવગઢબારિયામાં ૧૦-૧૦ મી.મી., સિંગવડમાં ૮ મી.મી., ધાનપુરમાં ૪ મી. મી., ગરબાડામાં 2 મી.મી. તથા ફતેપુરામાં વરસાદ નોંધાયા નથી.જિલ્લામાં આજદિન સુધીનો કુલ સરેરાશ વરસાદ ૨૯૫.૮૨ મી.મી. નોંધાયો છે. તાલુકાવાર કુલ વરસાદમાં લીમખેડા તાલુકામાં સૌથી વધુ ૩૫૦ મી.મી., ત્યારબાદ ગરબાડા ૩૪૮ મી.મી., દાહોદ ૩૨૨ મી.મી., સંજેલી ૩૦૫ મી.મી., દેવગઢબારિયા ૨૮૧ મી.મી., ફતેપુરા ૨૯૩ મી.મી., સિંગવડ ૨૧૯ મી.મી., સુખસર ૨૧૬ મી.મી., ધાનપુર ૨૧૨ મી.મી., ગોવિંદ ગુરુ (લીમડી) ૨૦૫ મી.મી. તથા ઝાલોદમાં ૨૦૩ મી.મી. વરસાદ નોંધાયો છે.

## કાલોલથી ગોળીબાર જવાનો કાચો રસ્તો વરસાદમાં ધોવાયો: વાહનચાલકોમાં ભય



**કાલોલ :** કાલોલ શહેરથી ગોળીબાર તરફ જતો મુખ્ય કાચો રસ્તો તાજેતરમાં પડેલા ભારે વરસાદને કારણે ધોવાઈ ગયો છે. રસ્તા પર ઠેર-ઠેર ખાડા પડી જતાં અને માટી ધોવાઈ જતાં આ માર્ગ પરથી વાહનો લઈને નીકળવું અત્યંત મુશ્કેલ અને જોખમી બની ગયું છે.મળતી વિગતો મુજબ, આ રસ્તાના સમારકામ તથા નિર્માણ અંગે સ્થાનિક નગરપાલિકા ખાતેથી જરૂરી મંજૂરીઓ મળી ચૂકી છે અને વર્ક ઓર્ડર પણ ઈશ્યુ કરી દેવામાં આવ્યો છે. આમ છતાં, કોઈ અગમ્ય કારણોસર સંબંધિત કોન્ટ્રાક્ટર કે તંત્ર દ્વારા આજદિન સુધી સ્થળ પર કામગીરી શરૂ કરવામાં આવી નથી. ગંભીર અકસ્માત બાદ પણ તંત્ર નિદ્રાધીન: ૨ વર્ષ અગાઉ કિશોરનું મોત થયું હતુંરસ્તાની સાથે સાથે કોઝવે ઉપરની સ્થિતિ પણ અત્યંત બિસ્માર બની ગઈ છે. આ કોઝવે પર કોઈપણ પ્રકારના સુરક્ષા બેરિકેટ, સાઈડ રેલિંગ કે ચેતવણી દર્શાવતા સાઈન બોર્ડ લગાવવામાં આવ્યા નથી.

## લીમખેડાના ઉમરીયા ડેમમાં 82 ટકા પાણી ભરાતા હાઈએલર્ટ જાહેર



( ફાઇલ ફોટો )

### હડફ નદીકાંઠાના 10 ગામોને સાવચેત રહેવા સૂચના અપાઈ

**લીમખેડા :** લીમખેડા તાલુકાની મહત્વની ઉમરિયા સિંચાઈ યોજનાના જળાશયમાં પાણીની આવક સતત વધતા વહીવટી તંત્ર દ્વારા હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. ભારે વરસાદની આગાહી અને જળાશયમાં વધતા જતા જળસંગ્રહને ધ્યાનમાં રાખીને નદીકાંઠાના વિસ્તારોમાં સુરક્ષાના કડક પગલાં લેવામાં આવ્યા છે. તા. 01 ઓગસ્ટ, 2026 ના રોજ સવારે 08:00 કલાકે નોંધાયેલા આંકડા મુજબ ઉમરિયા ડેમની સપાટી 278.95 મીટર સુધી પહોંચી ગઈ છે. આ ડેમની કુલ સપાટી 280.00 મીટર છે, એટલે કે પૂર્ણ સપાટીથી ડેમ માત્ર 1.05 મીટર જ ખાલી છે. ડેમમાં હાલમાં 11.13 મિલિયન ક્યુબિક મીટર ગ્રોસ સ્ટોરેજ ઉપલબ્ધ છે, જેમાં 9.26 મિલિયન ક્યુબિક મીટર લાઈવ સ્ટોરેજ અને 1.87 મિલિયન ક્યુબિક મીટર ડેડ સ્ટોરેજ સામેલ છે. હાલમાં ડેમમાં 294 ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, જ્યારે આઉટફ્લો શૂન્ય છે. વિસ્તારમાં અત્યાર સુધી કુલ 398 મિલિમીટર વરસાદ નોંધાયો છે, જેના પરિણામે ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાના 82.20 ટકા ભરાઈ ચૂક્યો છે. હવામાન વિભાગ દ્વારા આગામી તા. 01 ઓગસ્ટથી તા. 02 ઓગસ્ટ દરમિયાન ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જો સ્રાવક્ષેત્રમાં એકધારો 4 ઇંચ વરસાદ પડે અથવા ટુકડે-ટુકડે 8 થી 10 ઇંચ વરસાદ પડે તો ડેમ સંપૂર્ણ ભરાઈ જવાની પૂરી શક્યતા છે. ડેમ પૂર્ણ થતાં વધારાનું પાણી અને પૂરના પાણી નીચવાસમાં હડફ નદીમાં વહેવા લાગશે. હડફ નદી બેકાબૂ થઈને વહેવાની શક્યતાને ધ્યાનમાં રાખીને નાયબ કાર્યપાલક ઇજનેર, ઉમરિયા નહેર પેટા વિભાગ દ્વારા મામલતદારને સત્તાવાર જાણ કરવામાં આવી છે. સંભવિત જોખમને જોતા જળાશયના નીચવાસમાં આવતા ૧૦ ગામોને એલર્ટ કરવામાં વ્યા છે. જેમાં પટવાણ, ટીંબા, આંબા, ચેડિયા, અગારા, કુલધા, નિનામાના ખાખરીયા, પરમારના ખાખરીયા, અંધારી કાકરા અને પાડોળા ગામોનો સમાવેશ થાય છે. આ તમામ ગામોના તલાટી અને સરપંચોને કક્ષાએથી નદીના પટમાં કે તેની નજીક અવરજવર ન કરવા તેમજ નાગરિકોને જરૂરી સૂચનાઓ આપવા માટે આદેશ કરાયા છે. જિલ્લા વહીવટી તંત્ર અને સંબંધિત વિભાગ દ્વારા ડેમની વર્તમાન સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને પરિસ્થિતિને અનુરૂપ આગામી સમયમાં યોગ્ય નિર્ણયો લેવામાં આવશે.

## કબૂતરી નદીમાં પહેલી વખત વરસાદી નીર આવતા રણધીકપુર પોલીસે રસ્તો બંધ કરાવ્યો



**સિંગવડ:** સિંગવડ તાલુકા ના ઉપર વાસ વિસ્તારમાં વધારે પડતા વરસાદ પડવાના કારણે કબૂતરી નદીમાં આ સિઝનમાં પહેલી વખત વરસાદી નીર આવતા લોકોમાં ખુશીની લહેર જોવા મળી હતી. ભારે વરસાદના કારણે ભમરેચી માતાજી મંદિર આગળથી પસાર થતી કબૂતરી નદીનો પ્રવાહ વધી ગયો હતો. નદીનું પાણી સીધું પુલ પર આવી જતા અવરજવર જોખમી બનતા રણધીકપુર પોલીસ દ્વારા તે રસ્તાને તાત્કાલિક બંધ કરવાનો વારો આવ્યો હતો. પોલીસે વાહનચાલકોને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અપીલ કરી છે વરસાદ વધતા અને નદીમાં ધસમસતું પાણી આવતા આજુબાજુના ગામોના લોકો અને ગ્રામજનો કબૂતરી નદીના નજારા જોવા માટે મોટી સંખ્યામાં પહોંચ્યા હતા. લાંબા સમય બાદ નદીમાં પાણી આવતા ખેડૂતોમાં પણ ખુશી જોવા મળી હતી અને ડાંગરના પાકને લાભ થવાની આશા સેવાઈ રહી છે. રણધીકપુર પોલીસ પુલ પાસે અને બજારમાંથી નીચવાસ બજારમાં જતા રસ્તા પર પણ બંદોબસ્ત ગોઠવીને લોકોને નદીમાં ન ઉતરવા અને સેલ્ફી લેવાનું ટાળવા સૂચના આપી રહી છે.

## હાલોલ નગર સહિત પંથકમાં ધીમીધારે વરસાદ વરસતા ખેડૂતો, નગરજનોમાં આનંદ વ્યાપ્યો



**હાલોલ :** હવામાન ખાતાની આગાહીને લઈ હાલોલ નગર સહિત તાલુકામાં વરસાદ વરસતા ગઈકાલે સવારના છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં ત્રણ ઇંચ ઉપરાંત વરસાદ વરસતા સીઝનનો કુલ ૫૬૩ મી.મી. એટલે કે ૨૨.૫ ઇંચ વરસાદ નોંધાયો હતો. વરસેલા વરસાદ ને લઈ નગરના મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાયાં હોવાના બનાવો બન્યા હતા. ગઈકાલે ૩૧ જુલાઈ અને આજે ૧ ઓગસ્ટ બે દિવસ દરમ્યાન પંચમહાલ તેમજ વડોદરા જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદ વરસવાની હવામાન ખાતાની આગાહી ને લઈ વહીવટી તંત્ર સજ્જ બની ગયું હતુ ગઈકાલે સવારે છ વાગ્યાથી ધીમી ધારનો વરસાદ વરસવાનું શરૂ થયેલ આખો દિવસ આકાશમાં વરસાદી માહોલ સર્જાયો હતો પરંતુ બપોર બાદ ધમાકેદાર વરસાદ વરસતા નગરમાં પાણી પાણી થઈ ગયું હતું હાલોલ નગર ખાતે આવેલ ગામ તળાવના પાણીનો સ્ત્રોત પાવાગઢ તેમજ ઉપરવાસ થી વરસાદનું પાણી યમુના કેનાલ દ્વારા હાલોલ તળાવમાં આવે છે જે હાલોલના પાવાગઢ રોડ પર નાળા ખાતે આગળ નાળામાં કચરો ભરાઈ યમુના કાસ નું પાણી તળાવમાં જવાને બદલે ગામ તરફ વળી જતા એ વિસ્તારના લોકોનો જીવ તાળવે ચઢી ગયો હતો.

### હાલોલ ખાતે "નારી વંદન" ઉત્સવ ઉજવાશે

## ૦૪ ઓગસ્ટે મહિલા રોજગાર ભરતીમેળો અને યોજના માર્ગદર્શન સેમિનાર યોજાશે

**૨૦૦ થી વધુ વિવિધ જગ્યાઓ માટે મહિલા ઉમેદવારોની સીધી ઈન્ટરવ્યુ પ્રક્રિયા દ્વારા થશે ભરતી**

(પ્રતિનિધી) હાલોલ, તા.1

"નારી વંદન" ઉત્સવ અંતર્ગત "મહિલા સ્વાવલંબન દિવસ"ની ભવ્ય ઉજવણીના ભાગરૂપે પંચમહાલ જિલ્લાની મહિલાઓને રોજગારી અને સ્વ-રોજગારના ઉત્તમ અવસરો પૂરા પાડવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી (પંચમહાલ), જિલ્લા રોજગાર વિનિમય કચેરી (પંચમહાલ) અને એમ. એન્ડ વી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (હાલોલ)ના સંયુક્ત ઉપક્રમે તારીખ ૦૪ ઓગસ્ટ ૨૦૨૬, મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે એમ. એન્ડ વી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલ ખાતે આ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ૧૮ કે તેથી વધુ વર્ષની વય મર્યાદા ધરાવતી મહિલા ઉમેદવારો માટે મહિલા કલ્યાણકારી યોજનાઓ, મહિલા સુરક્ષા અને સલામતી અંગે વિશેષ માર્ગદર્શન સેમિનાર તેમજ સ્વ-રોજગાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં પંચમહાલ જિલ્લાની નામાંકિત કંપનીઓ જેવી કે J.S.W. M.G. Motor India Pvt. Ltd. (હાલોલ), શ્રી રાજ એપરલ (ગોધરા), આર. બી. કાર્સ (ગોધરા) અને L.I.C. (હાલોલ) ના નોકરીદાતાઓ દ્વારા ૨૦૦ થી વધુ ટેકનિકલ અને નોન-ટેકનિકલ જગ્યાઓ માટે સીધી ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.ધોરણ ૦૮ પાસ કે તેથી વધુ, S.S.C., H.S.C., I.T.I. (ટેકનિકલ ટ્રેડ), ડિપ્લોમા (ટેકનિકલ ટ્રેડ) અને સ્નાતક (ગ્રેજ્યુએટ) શૈક્ષણિક લાયકાત ધરાવતી મહિલા ઉમેદવારો આ ભરતીમેળામાં ભાગ લઈ રોજગારી તથા એપ્રિન્ટિસ તરીકેની તક મેળવી શકશે.

## કેન્દ્રીય મંત્રી અમિત શાહ સાથેની મુલાકાતમાં સાંસદ રાજપાલસિંહ જાદવે રજૂ કરી પંચમહાલની કાર્યયાત્રા



(પ્રતિનિધી) કાલોલ, તા.1

કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિત શાહ સાથે પંચમહાલ લોકસભાના સાંસદ રાજપાલસિંહ જાદવે પરિવાર સહિત સૌજન્ય મુલાકાત કરી હતી. જ્યાં આ શુભ અવસરે સાંસદ રાજપાલસિંહ જાદવે પંચમહાલ લોકસભાના સાંસદ તરીકેના બે વર્ષ પૂર્ણ થવા નિમિત્તે તૈયાર કરાયેલ 'કાર્યયાત્રા' નામનું પુસ્તક કેન્દ્રીય મંત્રી અમિત શાહને અર્પણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું. અને આ પુસ્તકમાં છેલ્લા બે વર્ષમાં પંચમહાલ સંસદીય ક્ષેત્રમાં થયેલી જનસેવા, વિવિધ વિકાસકાર્યો અને લોકહિત માટેના પ્રયાસોની વિગતવાર ઝાંખી સમાવવામાં આવી છે. રસ્તા, પાણી, આરોગ્ય, શિક્ષણ અને ગ્રામીણ વિકાસના પ્રોજેક્ટ્સની માહિતી આ પુસ્તકમાં આપવામાં આવી છે. મુલાકાત દરમિયાન સાંસદ રાજપાલસિંહ જાદવે જણાવ્યું હતું કે આપનું માર્ગદર્શન અને નેતૃત્વ દરેક કાર્યકર માટે અમૂલ્ય પ્રેરણાસ્રોત છે. જ્યાં કેન્દ્રીય મંત્રી અમિત શાહે પણ પંચમહાલમાં થયેલી વિકાસલક્ષી કામગીરીને બિરદાવી હતી અને આગામી સમયમાં પણ જનસેવાના કાર્યો વધુ વેગથી કરવા માટે સૂચનાઓ આપી હતી.

### દેવગઢ બારીયામાં હાઇસ્કૂલ નજીક વળાંક પાસેની દુઃખદ ઘટના


## વેગેનાર ફોરવીલ ગાડી બાઈક સાથે ધડાકાભેર અથડાતા બાઈક ચાલકનું મોત

(પ્રતિનિધી) દાહોદ, તા.1

દેવગઢ બારીયા નગરમાં સાંજના સુમારે જુના બારીયા હાઈસ્કૂલના વળાંકમાં રોડ પર એક દુઃખદ ઘટના બની હતી જેમાં ફોરવીલ ગાડીનો ચાલક ગઈકાલ સાંજના સવા છ વાગ્યાના સુમારે તેના કબજાની સફેદ કલરની જીજે ૨૦ એક્યુ- ૭૫૨૩નંબરની સુઝુકી કંપનીની વેગેનાર ફોરવીલ ગાડી પૂરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી જુના બારીયા હાઈ સ્કૂલના વળાંકમાં રોડ પર સામેથી આવતી જૂના બારિયા ગામના મનોજકુમાર ઉર્ફે મનુ ચંદુભાઈ બારીયાની જીજે ૨૦ બીએ-૮૬૦૬ નંબરનું એચએફ ડીલક્ષ મોટરસાયકલ સાથે ધડાકાભેર અથડાતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ ચાલક મનોજકુમાર ઉર્ફે મનુ બારીયાને શરીરે નાની મોટી સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજ્યું હતું.

જ્યારે વેગેનાર ફોરવીલ ગાડીનો ચાલક તેના કબજાની વેગેનાર ફોરવીલ ગાડી લઈ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ દેવગઢબારિયા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મરણ જનાર મનોજકુમાર ઉર્ફે મનુ બારીયાની લાશનો કબજો પંચો રૂબરૂ લાશનું પંચનામું કરી પોસ્ટ મોર્ટમ માટે લાશને દેવગઢબારિયા સરકારી દવાખાને મોકલી આપી હતી. આ સંબંધે મરણ જનાર મનોજકુમાર ઉર્ફે મનુ ચંદુભાઈ બારીયાની પતી હંસાબેન મનોજકુમાર ઉર્ફે મનુ બારીયાએ દેવગઢ બારિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે સફેદ કલરની સુઝુકી કંપનીની વેગેનાર ફોરવીલ ગાડીના ચાલક વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પીએમ શ્રી કે.વી. ગોધરા ખાતે Eminent Expert કાર્યક્રમ યોજાયો




(પ્રતિનિધી) ગોધરા, તા.1

પીએમ શ્રી યોજના અંતર્ગત Eminent Expert (National) કાર્યક્રમનું વિશેષ આયોજન પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલય, ગોધરા ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના પૂર્વ વિદ્યાર્થી તથા જાણીતા આંતરરાષ્ટ્રીય સાઈકલિસ્ટ મહેશ પ્રજાપતિ (રેવાડી, હરિયાણા) મુખ્ય વક્તા તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહેશ પ્રજાપતિ હાલમાં સમગ્ર ભારતની ૪૦,૦૦૦ કિલોમીટરની વિશાળ સાઈકલ યાત્રા પર છે અને તે અંતર્ગત તેઓ આજે ગોધરા ખાતે પધાર્યા હતા. શાળાના પ્રાચાર્ય રૂપ કિશોર ચૌધરીના નેતૃત્વ હેઠળ યોજાયેલી વિશેષ પ્રાર્થના સભામાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત વિદ્યાર્થીઓને સંબોધતા પ્રજાપતિએ માનસિક આરોગ્ય, ફિટ ઈન્ડિયા અભિયાન અને સ્વસ્થ જીવનશૈલી અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.

## દાહોદના જંગલોમાં 300 દિવસથી નર વાઘનો વસવાટ: વન વિભાગ એલર્ટ મોડમાં ગયુ, લોકોને સાવચેત રહેવા અપીલ


**જંગલમાં ઢોર ચરાવવા, ટીમરૂના પાન કે મહુડાના ફૂલ વીણવા, અથવા લાકડા કાપવા માટે પ્રતિબંધ**



(પ્રતિનિધી) દાહોદ, તા.1

ગુજરાતના જંગલોમાં વાઘની હાજરી અંગે અગાઉ થયેલી પુષ્ટિ બાદ હવે તેના ચોક્કસ રહેણાંક વિસ્તાર અંગે મહત્વપૂર્ણ માહિતી સામે આવી છે. દાહોદ અને છોટાઉદેપુર જિલ્લાની સરહદી જંગલ પટ્ટીમાં છેલ્લા લગભગ (૩૦૦ દિવસથી વધુ સમયથી) એક પુત્ર નર વાઘની સતત અવરજવર નોંધાઈ રહી હોવાનું દાહોદ તેમજ છોટાઉદેપુરના વન વિભાગના કેમેરા ટ્રેપના આધારે સ્પષ્ટ થયું છે. વન વિભાગના જણાવ્યા મુજબ દાહોદ-છોટાઉદેપુર સુધીના અંદાજે ૧૨૦ કિલોમીટર લાંબા જંગલ વિસ્તારમાં વાઘ મુક્તપણે સંચાર કરી રહ્યો છે. જોકે વાઘની દરેક ગતિવિધિ પર ૨૪ કલાક નજર રાખવા માટે ટ્રેપ કેમેરા અને મોનિટરિંગ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે. દાહોદ જિલ્લાના સાગટાળા રેન્જમાં સુખી ડેમ આસપાસનો વિસ્તાર હાલ વાઘનું મુખ્ય નિવાસ સ્થાન બનતો જોવા મળતાં દાહોદ અને છોટાઉદેપુર બંને જિલ્લાના વન વિભાગે સતર્કતા વધારી છે. વાઘના સંરક્ષણ અને માનવ-વન્યજીવ સંઘર્ષ અટકાવવા માટે અગાઉ દેહરાદૂન અને દિલ્હીથી નિષ્ણાતોની ટીમે દાહોદમાં વનકર્મીઓને તાલીમ આપી હતી. તાજેતર માં છોટાઉદેપુરમાં પણ આવી જ વિશેષ તાલીમ નું આયોજન કરવામાં આવ્યું છે.વાઘની અવરજવર ધરાવતા વાઘના વસવાટના આસપાસ ના સ્થળે ૧૮ થી ૨૦ જેટલા વધારાના કર્મીઓ નિમાયા વિસ્તારોને હાઈસેન્સિટિવ ઝોન ગણવામાં આવ્યું છે.

## હાલોલ-શિવરાજપુર વચ્ચે લકઝરી બસની અડફેટે બાઈક સવારનુ મોત



(પ્રતિનિધી) હાલોલ, તા.1

મૂળ મુનપુર (લુણાવાડા) ના વતની અને હાલ અરાદ ગામે પોતાના સગા સંબંધી ના ઘરે રહેતા આદિત્ય યોગેશભાઈ ભાટિયા અને તેના મિત્ર મિત પટેલ સાથે આજે શનિવાર વાર ના રોજ બોડેલી ખાતે કોઈ કામ અર્થે ગયા હતા.

કામ પતાવીને બાઈક પર પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન હાલોલ શિવરાજપુર વચ્ચે પાવાગઢ નજીક કંકુ ની વાડી પાસે કાળ બનીને આવેલી ટ્રાવેલ્સ કંપની ની લક્ઝરી બસ ના ચાલકે પોતાના કબજા ની બસ ને પુરઝડપે અને ગફલત ભર્યું હંકારી આદિત્ય ની બાઈક ને અડફેટે લઈ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતા બાઈક પર સવાર આદિત્ય અને તેના મિત્ર મીત ને શરીર પર ગંભીર ઈજાઓ થઈ હતી. બનાવ ને પગલે લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અકસ્માતમાં બાઈક ચાલક આદિત્ય ભાટિયાને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક પાછળ બેઠેલા મિત પટેલ ને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.